# અહારજી અતિશયક્ષેત્ર

- આવાગમન................: રેલ્વે સ્ટેશન : મઉરાનીપુર - ૬૨ કિ.મી.,
  લલિતપુર - ૬૪ કિ.મી.,
  ઝાંસી - ૧૨૦ કિ.મી.
  બસ સ્ટેશન : બલદેવગઢ - ૧૦ કિ.મી.,
  ટીકમગઢ - ૨૨ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ...: ટીકમગઢથી સડક રસ્તે
- નજીકના મુખ્ય શહેર ......: ટીકમગઢ - ૨૨ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો.........: પપૌરાજી - ૨૭ કિ.મી., દ્રોણગિરિ - ૫૬ કિ.મી., ખજુરાહો - ૧૨૫ કિ.મી., બડાગાઁવ - ૩૦ કિ.મી.

પપૌરાજીથી અહારજી આશરે ૨૭ કિ.મી. થાય છે. જીપમાં લગભગ ૦ાા-૦ાાા કલાક થાય છે. રસ્તો પાકો છે. અહારજી અતિશયક્ષેત્ર છે. અહીંનું શ્રી શાંતિનાથજીનું મંદિર પાડાશાહે બંધાવ્યું હતું. એકાંત અને શાંતિ માટે આ ક્ષેત્ર સારૂં છે. શ્રી શાંતિનાથ જિનાલયમાં શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૨૨ ફીટના ભવ્ય અને સૌમ્ય છે. આ મુખ્ય મંદિર સિવાય બીજા છ મંદિરો અને બે માનસ્થંભજી છે. અહીં સંગ્રહાલય (મ્યુઝિયમ) પણ છે. જેમાં પુરાતત્વનો સંગ્રહ છે. જેમાં અગીયારમી તથા બારમી સદીની ચીજો છે. તે સિવાય અહીં શ્રી શાંતિનાથ દિગંબર જૈન વિધાલય, મહિલાશ્રમ તથા વ્રતીઓ માટે સંસ્થા છે. અહીં ધર્મશાળામાં નળ, કૂવો તથા વિજળીની સગવડતા છે. ધર્મશાળામાં લગભગ ૭૫ થી ૧૦૦ જેટલી રૂમો છે.

અહીં ભૂતકાળમાં ઘણા મંદિરો હશે તેમ અનુમાન થાય છે. કારણ કે ખોદકામ કરતા ઘણા સ્થળેથી પ્રાચીન મંદિરો અને ખંડિત પ્રતિમાઓના અવશેષો પ્રાપ્ત થાય છે. કાળાનુક્રમે અગર તો વિરોધીઓએ આ મંદિરો નષ્ટ કર્યા હશે તેમ અનુમાન થાય છે. તેમજ ધીરેધીરે લોકોની આવનજાવન પણ ઘટતી ગઈ, તેથી મંદિરો જીર્ણ થઈ નષ્ટ થયા હોય તેમ પણ માની શકાય.

મંદિર નં. ૧ : શ્રી શાંતિનાથ ભગવાન ખડ્ગાસન ૨૨ ફીટના છે. બાજુમાં શ્રી કુન્થુનાથ તથા શ્રી અરનાથ - બંને ૯-૯ ફીટના ખડ્ગાસન છે. તે સિવાય ડાબી તરફ તથા જમણી તરફ ૩ાા-૩ાા ફીટના પદ્માસન બે પ્રતિમાજી છે. ત્રણેય પ્રતિમાજી ભવ્ય છે. આ મંદિર મોટા હોલમાં છે. આ હોલમાં ફરતા ચારે તરફ શિખરબંધી ગોખલાઓમાં સીમંધરાદિ વીસ વિહરમાન તીર્થંકર ભગવંતો પદ્માસન જુદી-જુદી દેરીઓમાં બિરાજમાન કરેલા છે. તે સિવાય ભૂત, વર્તમાન અને ભાવિ ત્રણ ચોવીસીની દેરીઓ છે. તે સિવાય શ્રી બાહુબલીજી ભગવાન શિખરબંધ મંદિરમાં છે.

૨૪ × ૩ = ૭૨ + ૨૦ વીહરમાન - તેમ કુલ ૯૨ દેરીઓ આ મંદિરમાં છે. શ્રી શાંતિનાથ ભગવાનની ડાબી તરફ જે પ્રતિમાજી છે તે શ્રી અરનાથજીની શ્યામ વર્ણની પ્રતિમા છે. તેની પ્રતિષ્ઠા સંવત ૧૨૩૭માં થઈ હતી. જે ૯૨ તીર્થંકર ભગવંતો છે, તે બધા જ પદ્માસન ૧॥ ફીટના છે.

મંદિર નં. ૨ : ભોંયરામાં લાંબી વેદી ઉપર ૫ દેરીઓ છે. તેમાં પદ્માસને નાની-નાની ઘણી મૂર્તિઓ છે. તે સિવાય પંચધાતુની ૨૪ મૂર્તિઓ છે.

મંદિર નં. ૩ : શ્રી શાંતિનાથ પ્રભુ છે.

મંદિર નં. ૪ : શ્યામ વર્ણની પદ્માસન ૧॥ ફીટની મૂર્તિ છે. આ કયા ભગવાન છે તે માલુમ પડતુ નથી. આગળના ભાગમાં શ્રી પુષ્પદંત પ્રભુની ૧ ફૂટની સફેદ પદ્માસન મૂર્તિ છે.

મંદિર નં. ૫ : શ્રી બાહુબલીજી ભગવાન સફેદ આરસના ખડ્ગાસન ૬ ફીટના છે અને કમળની વેદી ઉપર બિરાજમાન કરેલા છે. તેની પ્રતિષ્ઠા સં. ૨૦૧૪માં થઈ છે.

મંદિર નં. ૬ : શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. પદ્માસન ૨ ફીટના છે.

આ છ મંદિરો તળેટીમાં આવેલા છે. દરવાજો ખોલતા પહાડ ઉપર જીપગાડી તથા બસ પણ જઈ શકે છે. આને પંચ પહાડ પણ કહે છે. જીપકાર તો ઉપર છેક પગથિયાં સુધી જઈ શકે છે. રસ્તો જો કે કાચો છે. માત્ર ૪૦ પગથિયાં જ ચડવાના છે. તેથી ઉપર ચાલતાં જવામાં પણ કાંઈ જ તકલીફ નથી.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૧ : શ્રી મદનકુમારજીના ચરણ પાદૂકા છે. તેમની નિર્વાણભૂમિ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૨ : શ્રી વિષકંબલ મુનિના ચરણ પાદૂકા છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૩ : શ્રી વિશ્વકમલ કેવળીના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૪ : શ્રી શાંતિનાથ પ્રભુના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૫ : શ્રી મલ્લિનાથ પ્રભુના સફેદ ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૬ : શ્રી આદિનાથ પ્રભુના ચરણકમળ છે.

પહાડ - ટેકરી ઉપર મંદિર નં. ૭ : શ્રી મહાવીર પ્રભુના ચરણકમળ છે.

આ સાતેય દેરીની પ્રતિષ્ઠા વિ. સં. ૨૦૨૪ વીર સંવત ૨૪૯૪માં થયેલી છે.

અહારજી ક્ષેત્રથી લગભગ ૨ કિ.મી. દૂર એક મોટી ગૂફા છે. તેને સિદ્ધોની ગૂફા કહે છે. તે સિવાય અહારજીમાં સંગ્રહાલય છે, જેમાં ખોદકામમાં પ્રાપ્ત સેંકડો પ્રતિમાઓ તથા ખંડિત પ્રતિમાઓ રાખેલ છે.